જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૧૪ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૬૫૭/૧૪**

### ચરસના નશીલા પદાર્થના જથ્થા સાથે એક આરોપીને ઝબ્બે કરતી અમદાવાદ એસ.ઓ.જી. પોલીસ

ક્રાઇમ ડીસીપી શ્રી હિમાંશુ શુકલા તથા એસઓજી એસીપી શ્રી બી.સી.સોલંકી નાઓની સુચના આધારે પો.ઇન્સ શ્રી જે.એચ.સરવૈયા નાઓ સ્ટાફ સાથે એસ.ઓ.જી. ના હેડની કામગીરી તથા નશીલા પદાર્થોની હેરાફેરી તથા વેચાણ કરતા તત્વોની શોધમાં હતા. દરમ્યાન પોસઇ શ્રી વી.એચ.જાડેજા ને બાતમીદારથી બાતમી મળેલ કે "એક ઇસમ નામે દેવેન્દ્ર છગનભાઇ ભાટીયા કે જેણે શરીરે વાદળી ઉભી લાઇનીંગ વાળું શર્ટ તથા બ્લ્યુ કલરનું પેન્ટ પહેરલ છે લાલ તથા સફેદ વાળ છે તે પોતાના કબજામાં કેટલોક નશીલો પદાર્થ ચરસનો જથ્થો લઇ ગીતામંદિર બસ સ્ટેન્ડ થી જમાલપુર તરફ ચાલતો જનાર છે" વિગેરે મતલબની હકીકત મળતા ગીતામંદિર બસ સ્ટેન્ડ ભગવતી ટીમ્બર માર્ટની બંધ દુકાન પાસે વોચમાં હતા. દરમ્યાન વર્ણન મુજબનો શખ્સ આવતા તેઓને રોકી પુછપરછ કરતાં પોતાનું નામ દેવેન્દ્ર છગનભાઇ ઉર્ફે ગોવિંદરામ ભાટીયા રહે, ધનશ્યામનગર, કાચુડી રોડ, ગોધરા, પંચમહાલ હાલ રહે, સપ્તરૂષિ આશ્રમ હરિદ્વાર, ઉત્તરાખંડ નો હોવાનું જણાવેલ. જેથી તેઓની અંગઝડતી તથા પાસેનો થેલો ચેક કરતાં ચરસનો જથ્થો કિ.ગ્રામ ૪૫૦ ગ્રામ જેની કુલ્લે કિ.રૂ.૪૫,૦૦૦/-, રોકડ નાંણા રૂ.૧૦૯૪/-, ચુટણીકાર્ડ, એસ.ટી બસની ટીકીટ વિગેરે નો મુદ્દામાલ મળી આવતા તેમને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. અને આરોપીની પુછપરછ દરમ્યાન તે સદરહું ચરસનો જથ્થો પોતે હરિદ્વાર રહેતો હોઇ ત્યાંથી તેણે શ્યામ નામના એક માણસ જેનું પોતે પુરુ નામ જાણતો નથી જોયેથી ઓળખે છે જેની પાસેથી લાવેલ હોવાનું જણાવેલ છે. આ શખ્સની કાયદેસર કાર્યવાહી કરી એન.ડી.પી.એસ. એકટ કલમ ૮(સી), ૨૦(બી) મુજબ ધરપકડ કરવામાં આવેલ છે. આ જથ્થો કોને આપવાનો હતો તે બાબતે પુછપરછ કરવામાં આવી રહેલ છે. આ સિવાય તે કેટલી વાર ચરસનો જથ્થો લઇ અમદાવાદ આવેલ છે તે બાબતે તથા આ ચરસના ધંધામાં સ્થાનિક કે અન્ય કોઇ સંડોવાયેલ છે કે કેમ? તે પુછપરછ માટે રીમાન્ડ મેળવવાની કાર્યવાહી કરવામાં આવનાર છે.

વટવા પો.સ્ટે.

વટવા પોસ્ટે જાણવા જોગ નંબર ૧૫૪/૨૦૧૪ સ્ટે.ડા. નંબર ૨૯/૨૦૧૪ મુજબના શ્રી સ.ત. ફરીયાદી પોસઇ એ જે ચૌધરી સાહેબ તથા સાથેના હેકો ઇતેખાબ આલમ મુખત્યાર હ્સન તથા પોકો ઇમરાનખાન ઇમામખાન બનં ૧૬૬૬ તથા પોકો નરેન્દ્રકુમાર મફતલાલ બનં ૪૭૨૯ તથા પોકો સંતોષ દેવચંદ બનં ૮૬૩૧ બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુના શોધવા અને બનતા અટકાવવા પેટ્રોલીગમાં નિકળેલા અને ફરતા ફરતા કલાક ૧૭/૦૦ વાગે દુર્ગાનગર સામે રોડ ઉપર આવતા સાથેના પોકો ઇમરાનખાન ઇમામખાન બનં ૧૬૬૬ નાઓની બાતમી હકીક્ત આપેલ કે વટવા પો.સ્ટેમાં અગાઉ ચોરીના ગુન્હામાં પકડાયેલ જાકીર @ ચુહો કોઇ જગ્યાએથી ચોરી છળકપટથી મેળવેલ દાગીના પોતાની સાથે લઇ વાદરવટ તળાવથી થઇ પુનીતનગર તરફ જવા નીકળેલ છે તે આરોપી જાકીર @ ચુહો અજીજભાઇ બસીરભાઇ શેખ ઉ.વ.૩૯ રહે.બ્લોક નં ૯/૨૬૦ ગ્રાઉન્ડ ફ્લોર વટવા ક્રોસીંગ ચાર માળીયા અમદાવાદ મુળ ગામ હાજીપુરા મહોલ્લો જી.સાબરકાંઠા હોવાનુ જણાવેલ જેની પાસેથી સોના ચાદીના દાગીના (૧).સોનાની બુટ્ટીઓ એક જોડ જે ગોળ ફુલ ભાતની ટૉચ પર હીરા જોડેલ છે જેનુ વજન ૨ ગ્રામ ૮૦૦ મીલી ગ્રામ થાય છે જેની કિ.રૂ. ૬૦૫૦/- ગણાય (૨).એક જોડ ચાદીની પાયલ જુનાજેવી જેનુ વજન ૮૧ ગ્રામ જેટલુ થાય છે જે પાન ભાતની છે જેની કિ.રૂ ૨૦૦૦/- જેટલી ગણાય (૩).ચાદીની દીવી -૨ તથા વાટકી નંગ -૨ તથા ચમચી નંગ -૧ જે તમામનુ વજન ૮૭ ગ્રામ જેટલુ થાય જેની કિ.રૂ આશરે ૨૨૫૦/- ગણાય (૪).,ચાદીના અલગ અલગ ભાતના સિક્કાઓ જેનુ વજન ૧૫૧ જેટલુ જેની આશરે કિ.રૂ ૫૭૪૦/- ગણાય (૫).પરચુરણ અલગ અલગ સિક્કાઓ કુલ્લે રૂ.૧૭૩/૦૦ તેમજ એક એચ.કે.કોમર્સ કોલેજ એન.સી.સી સને ૧૯૯૫-૯૬ ની સાલનો પીળા રંગનો મેડલ જેની કિ.રૂ ૦૦/૦૦ ગણાય તથા બગસરા ની બંગડીઓ એક જોડ તેમજ મંગળસુત્ર અને ગળાનો હાર, હિરાજડીત ચુડલાઓ ૪ જોડ તથા એક લોખંડનુ આગળથી ચપટ કરેલ ગણેશીયુ કોઇ જગ્યાએથી ચોરી અગર છળકપટથી મેળવેલ હોવાનો શકવહેમ હોય સોના ચાદીના દાગીના તેમજ રોકડ રક્મ મળી કુલ્લે રૂ.૧૬,૨૧૩/૦૦ રકમ સાથે સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબજે કરેલ અને સદરીને સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ પો.સ.ઇ.શ્રી એ.જે.ચૌધરી નાઓએ તા.૨૭/૧૦/૧૪ના સાંજના ૬/30 વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.